

નવું વર્ષ એકસરખું પરિણામ આપનારું વર્ષ નહીં રહે. વર્ષ દરમિયાન ગુરુ, રાહુ-કેતુ અને શનિની ચાલમાં પરિવર્તન થવાથી જુદા-જુદા સમયગાળામાં અલગ પ્રકારની પરિસ્થિતિઓ સર્જાય. વર્ષના પૂર્વાર્ધમાં ગુરુની અનુકૂળતાના કારણે પ્રગતિ અને નવી તકોના સંકેત છે, જ્યારે ૨૭મી જૂન ૨૦૨૭ પછી શનિ મેષ રાશિમાં એટલે કે આપની રાશિથી ૧૨મા ભાવમાં પ્રવેશ કરતાં આપના માટે સાડાસાતીનો પ્રથમ તબક્કો શરૂ થાય. ૧૨મા ભાવનો શનિ ઉદાસીન, ગંભીર અને નિરાશાવાદી બનાવે.

માનસિક સ્થિતિ : દબાણ વચ્ચે આત્મવિશ્વાસ જાળવો

વર્ષના શરૂઆતના મહિનાઓમાં આત્મવિશ્વાસ સારો રહે. નવી યોજનાઓ હાથ ધરવાની અને પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવવાની ઇચ્છા વધશે. કામકાજમાં પ્રગતિ થતાં ઉત્સાહ પણ જળવાઈ રહેશે. જો કે વર્ષના ઉત્તરાર્ધમાં ખાસ કરીને ૨૭મી જૂન પછી ગ્રહોની સ્થિતિમાં પરિવર્તન થતાં ક્યારેક નિર્ણય અંગે દ્વિધા અથવા માનસિક દબાણ અનુભવાઈ શકે. ખાસ કરીને ૨૭મી જૂન ૨૦૨૭ પછી બારમા ભાવમાં શનિનું ભ્રમણ શરૂ થતાં જવાબદારીઓ અને ચિંતાઓ વધી શકે. **આ સમયગાળામાં ઉતાવળ કરતાં ધીરજ રાખવી.**

આરોગ્ય : નિયમિતતા અને સાવચેતી જરૂરી

વર્ષના પ્રથમ ભાગમાં આરોગ્ય સામાન્ય રીતે સારું રહેવાની શક્યતા. **જૂની બીમારી હોય તો સારવારમાં બેદરકારી ન રાખવી.** ગળું, થાયરોઇડ, વજન, સુગર, બ્લડપ્રેશર, પાચનતંત્ર તથા સાંધા સંબંધિત તકલીફો તરફ ખાસ ધ્યાન આપવું. ૨૭મી જૂન ૨૦૨૭ પછી બારમા શનિના કારણે દવા, તપાસ અથવા હોસ્પિટલ પાછળ અણધાર્યો ખર્ચ થઈ શકે. ઊંઘમાં ઘટાડો અને માનસિક થાક પણ અનુભવાઈ શકે. આંખની તકલીફોથી સાચવવું. પ્રવાસ દરમિયાન સાવચેતી રાખવી.

આર્થિક સ્થિતિ : આવક વધશે, ખર્ચ પણ વધવાની શક્યતા

અગિયારમા ભાવમાં શનિના પ્રભાવથી જૂની ઉઘરાણી, રોકાણનું વળતર અથવા અન્ય સ્રોતોમાંથી આવક પ્રાપ્ત થવાની શક્યતા છે. આવકમાં ધીમે-ધીમે વધારો થાય, પરંતુ ઘર, વાહન, સંતાન, આરોગ્ય અને પ્રવાસ પાછળ ખર્ચ પણ વધે. **વર્ષના શરૂઆતના સમયગાળામાં આર્થિક સ્થિતિ મજબૂત કરવાની તક મળશે. જો કે ૩ જૂન ૨૦૨૭ પછી બારમા શનિની શરૂઆત થતાં નાણાંકીય આયોજન વધુ જરૂરી બને.**

ધંધાકીય : પૂર્વાર્ધમાં વિસ્તરણ અને નવા ગ્રાહકોની તક

વેપાર-ધંધા માટે વર્ષનો પૂર્વાર્ધ પ્રમાણમાં સારો રહેશે. દસમા ભાવમાં રાહુના પ્રભાવથી નવી યોજનાઓ, નવાં ગ્રાહકો, વ્યવસાયના વિસ્તરણ અને ટેકનોલોજીના ઉપયોગની તકો મળી શકે. જૂના અટકેલા પેમેન્ટ મળવાની શક્યતા રહે. માર્કેટિંગ, ઓનલાઇન બિઝનેસ, વિદેશી કંપનીઓ અથવા નવાં બજારો સાથે જોડાયેલા વેપારીઓને નવા સંપર્કોનો લાભ મળી શકે. ૫ ડિસેમ્બર ૨૦૨૬ પછી રાહુ મકર અને કેતુ કર્કમાં પ્રવેશ કરશે. ત્યાર બાદ મોટા સોદા કરતાં પહેલાં કરાર, દસ્તાવેજો અને નાણાંકીય શરતોની સંપૂર્ણ તપાસ કરવી. **ભાગીદારીમાં મૌખિક સમજૂતી કરતાં લેખિત કરાર વધુ હિતાવહ રહે.** જૂન પછી શનિ બારમે જતાં ભારે મૂડીરોકાણ અને વધુ પડતી ઉધારીથી બચવું.

નોકરી/કારકિર્દી : નવી જવાબદારી અને બદલાવના યોગ

નોકરી કરતા જાતકો માટે વર્ષના શરૂઆતના મહિના મહત્ત્વપૂર્ણ રહે. દસમા રાહુના પ્રભાવથી નવી જવાબદારી, વિભાગ પરિવર્તન, પ્રમોશન અથવા નવી નોકરીની તક મળી શકે. ટેક્નોલોજી, વિદેશી કંપની અથવા મોટા સંગઠન સાથે જોડાયેલાં જાતકોને નવા અવસર પ્રાપ્ત થઈ શકે. **કાર્યસ્થળે આંતરિક રાજકારણથી દૂર રહેવું અને પોતાની સફળતાની વધારે ચર્ચા ન કરવી. ઉપરી અધિકારીઓ સાથે અહમનો પ્રશ્ન ન ઊભો થાય તેનું ધ્યાન રાખવું.** ૩ જૂન ૨૦૨૭ પછી સાડાસાતીનો પ્રથમ તબક્કો શરૂ થતાં કામનો બોજ વધી શકે અથવા ઇચ્છા વિરુદ્ધ ટ્રાન્સફર જેવી પરિસ્થિતિ ઊભી થઈ શકે.



કુટુંબ અને પ્રેમસંબંધો : જીદ છોડવાથી સંબંધોમાં સુમેળ

પારિવારિક જીવનમાં સુખ-શાંતિ જાળવવા માટે પોતાની જીદ અને અહમ થોડા ઓછા કરવા જરૂરી રહેશે. ગુરુની સ્થિતિને કારણે ઘર, મિલકત, વાહન અને માતા-પિતાને લગતા નિર્ણયો મહત્વપૂર્ણ બની શકે. **પતિ-પત્નીએ નાની બાબતોમાં શંકા કે ગેરસમજને સ્થાન ન આપવું.** ૫ ડિસેમ્બર ૨૦૨૬ પછી રાહુ-કેતુના પરિવર્તનથી નજીકના સંબંધોમાં વિચારોનો તફાવત ઊભો થઈ શકે. અપરિણીત જાતકો માટે લગ્ન અથવા નવા સંબંધની વાત આગળ વધવાના યોગ છે. પ્રેમસંબંધમાં રહેલાં જાતકોએ ત્રીજી વ્યક્તિની વાત પર તરત વિશ્વાસ ન કરવો અને કોઈપણ ગેરસમજને ચર્ચા દ્વારા દૂર કરવી.

> **“ એટલે તો કાળ સમો છું અડીખમ આજે પણ,**
> **બાજીઓ હારી હશે, જીત હજી હારી નથી.”**

શિક્ષણ : મહેનતનું પરિણામ મળશે

વિદ્યાર્થીઓ માટે વર્ષ મહેનતનું ફળ આપનારું રહેશે. ઉચ્ચ અભ્યાસ, કાયદો, મેનેજમેન્ટ, ટેક્નિકલ શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યોગ્ય આયોજનથી સફળતા મેળવી શકાય. **૫ ડિસેમ્બર ૨૦૨૬ પછી નવમા રાહુના પ્રભાવથી વિદેશ અભ્યાસની નવી તક ઊભી થઈ શકે.** વિદેશી યુનિવર્સિટી, સ્કોલરશિપ અથવા ઉચ્ચ શિક્ષણ સંબંધિત પ્રક્રિયામાં પ્રગતિ થાય. જો કે પ્રવેશ, વિઝા અને દસ્તાવેજ પ્રક્રિયામાં વિલંબની શક્યતા હોવાથી છેલ્લી ઘડી સુધી રાહ ન જોવી અને તમામ દસ્તાવેજો સમયસર તૈયાર રાખવા.

કોર્ટ-કચેરીના મામલા : પૂર્વાર્ધમાં પ્રગતિ, પછી સાવચેતી

ચાલુ કોર્ટ-કચેરીના કેસમાં વર્ષના પૂર્વાર્ધમાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ થવાની શક્યતા છે. યોગ્ય સમાધાનની તક મળે તો તેને ગંભીરતાથી વિચારવી. કાયદાકીય દસ્તાવેજો, કરાર અને નાણાકીય પુરાવાઓમાં ખાસ કાળજી રાખવી. **૩ જૂન ૨૦૨૭ પછી બારમા શનિના પ્રભાવને કારણે બિનજરૂરી કાયદાકીય વિવાદ વધારવાને બદલે શક્ય હોય ત્યાં વ્યવહારુ સમાધાન તરફ આગળ વધવું.**

સરકારી કામકાજ : સતત અનુસરણ જરૂરી

સરકારી કામકાજમાં પ્રગતિ મેળવવા માટે સતત અનુસરણ કરવું પડશે. લાઇસન્સ, મંજૂરી, મિલકત અથવા મહેસૂલી કાર્યવાહી દરમિયાન દસ્તાવેજોની નાની ભૂલ પણ વિલંબનું કારણ બની શકે.

પ્રવાસ : વિદેશ પ્રવાસ અને સ્થળપરિવર્તનની શક્યતા

ગુરુના પ્રભાવથી વ્યવસાય કે નોકરી માટે ટૂંકા પ્રવાસ વધે. નવા સંપર્કો બનાવવા અને નવા બજારો શોધવા માટેના પ્રવાસ ફળદાયી બની શકે. ૫ ડિસેમ્બર ૨૦૨૬ પછી રાહુ નવમા સ્થાને આવતાં લાંબા અંતરના તથા વિદેશ પ્રવાસના યોગ વધુ સક્રિય બનશે. ઉચ્ચ શિક્ષણ, વ્યવસાય અને ધાર્મિક કારણોસર વિદેશ અથવા દૂરના સ્થળે જવાની તક મળી શકે. **૨૭મી જૂન ૨૦૨૭ પછી બારમા શનિના કારણે કેટલાક જાતકો માટે લાંબા સમયના વિદેશવાસ અથવા સ્થળપરિવર્તનની સ્થિતિ પણ ઊભી થઈ શકે.**

સ્ટોક માર્કેટ : ઝડપી નફાની લાલચ ટાળવી

શેરબજારમાં નફાની તકો રહે, પરંતુ વધુ પડતી લાલચ જોખમી બની શકે. અગિયારમા શનિના પ્રભાવથી લાંબા ગાળાના અને યોગ્ય અભ્યાસ બાદ કરવામાં આવેલા રોકાણથી લાભ મળવાની શક્યતા છે. રાહુના પ્રભાવને કારણે ઝડપથી મોટો નફો મેળવવાની માનસિકતા વધી શકે. **અજાણી કંપની, સોશિયલ મીડિયા અથવા અફવાના આધારે રોકાણ ન કરવું.** ખાસ કરીને ૨૭મી જૂન ૨૦૨૭ પછી જોખમ ઘટાડવું. **ભારે લેવરેજ, ફ્યુચર-ઓપ્શન અથવા ઉધારના નાણાંથી રોકાણ કરવામાં વિશિષ્ટ સાવધાની રાખવી.**

(શીર્ષક પંક્તિ : શૂન્ય પાલનપુરી)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુની અસર :** ૩૧ ઓક્ટોબર ૨૦૨૬એ ગુરુ સિંહમાં જશે. ત્યારબાદ ૨૫ જાન્યુઆરી ૨૦૨૭એ વક્રી ગુરુ ફરી કર્કમાં આવશે અને ૨૬ જૂન ૨૦૨૭એ પુનઃ સિંહમાં પ્રવેશ કરશે. ગુરુનું આ પરિવર્તન અને પરિભ્રમણને કારણે શિક્ષણ, પ્રવાસ, નવા સંપર્કો અને **વ્યક્તિગત વિકાસ સાથે જોડાયેલી બાબતોમાં જુદા-જુદા સમયગાળામાં તકો મળી શકે.**

● **શનિની અસર :** વર્ષના પૂર્વાર્ધના સમયગાળામાં શનિ મીન રાશિમાં એટલે વૃષભથી અગિયારમા ભાવમાં રહેશે. ૨૭મી જૂન ૨૦૨૭એ શનિ મેષમાં પ્રવેશ કરતાં બારમા ભાવનો શનિ શરૂ થશે અને **વૃષભ રાશિ માટે સાડાસાતીનો પ્રથમ તબક્કો આરંભાશે.** આ સમયગાળામાં ખર્ચ, આરોગ્ય અને જવાબદારીઓ અંગે સાવચેતી જરૂરી રહેશે, ધનહાનિ કરાવી શકે.

● **રાહુની અસર :** ૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી દસમા રાહુના પ્રભાવથી કારકિર્દી અને વ્યવસાયમાં પરિવર્તન તથા નવી તકો મળી શકે. ત્યાર બાદ રાહુ મકર અને કેતુ કર્કમાં પ્રવેશ કરશે. પરિણામે વિદેશ, ઉચ્ચ અભ્યાસ, લાંબા પ્રવાસ અને જીવનદૃષ્ટિમાં પરિવર્તન સંબંધિત બાબતો સક્રિય બની શકે.